આ પુસ્તક પ્રકાશનમાં પ્રથમ રૂા. ૮૦૦)ની આર્થિક સ
કરનાર છે ખંભાતવાળા શેઠ જીવાભાઈ મોતીલાલ ગોળવ
અમર જૈન શાળાના જ્ઞાનખાતામાંથી ટ્રસ્ટીઓએ રૂા. ૧૦૦૧)
સંસ્થાને ભેટ આપ્યા છે. તદુપરાંત સ્વ. શાહ સેમચંદ લ
ચંદના પુણ્ય સ્મરણાર્થે તેઓના સુપુત્ર કાંતીલાલ તરફથી
૧૦૦) ભેટ મળ્યા છે. આ ત્રણે આર્થિક સહાય કરનારા ભ
શાળીઓનો આ સંસ્થા ખુબ જ આભાર માને છે.


સુંદર સુઘડ ઝડપી છાપકામ કરી આપનાર સાધના પ્રેસવ
શાહ ગીરધરલાલ ફુલચંદભાઈનો આ સંસ્થા આભાર માને
સાથે સાથે પ્રેમ પ્રકાશન મંદિર (દાદર) કાયમી ૬૦ સભ્યે
પણ ખુબ જ આભાર માને છે.

આ પુસ્તક વારંવાર વાંચવાથી અને તેના ઉપર ચિંત
મનન કરવાથી જીવનમાં ઘણી જ જાગ્રતિ આવશે. ખરેખર !
પુસ્તકનું એકેક વાક્ય ખુબ જ મનન કરવા લાયક છે.

લિ૦

શ્રીપતલાલ સુરચંદ બંગડીવા
માનદ્ મંત્રી-પ્રેમ પ્રકાશન મંદિ
મુ૦ દાદર (મુંબઈ-૨૮)

વિ. સં. ૨૦૪૦
વિજયા દશમી



૯. વિષયોમાંથી સુખની બુદ્ધિ ઉઠાવી મોક્ષમાં તેને સ્થાપિત કરો.

૧૦. દુશ્મનના ઘરની મીઠાઈ હોંશે હોંશે ન ખવાય, તેમ કર્મ-રૂપી શત્રુના ઘરના વિષય સુખો પણ હોંશે હોંશે ન ભોગવાય.

૧૧. કર્મનું દેવું ભરપાઈ કરવાના ભવમાં નવું દેવું વધારવાનું તો હરગીઝ ન જ કરતા.

૧૨. સારી સ્થિતિમાં કર્મનું દેવું ભરપાઈ કરી દેવામાં આબરૂની સલામતી છે.

૧૩. મોક્ષના સાધનભૂત એવા મનુષ્યભવને ભોગનું સાધન બનાવવાની ગમારી રખે કરતા.

૧૪. ઝેરને ઝેર રૂપે જાણ્યા પછી તેને હોંશે હોંશે ખવાય નહીં, તેમ વિષયને વિષરૂપ જાણ્યા પછી તેને હોંશે હોંશે ભોગવાય નહીં.

૧૫. સમ્યગ્‌જ્ઞાન એ કર્મરૂપી પર્વતના ચૂરેચૂરા કરનારૂં વજ્ર છે.

૧૬. જ્ઞાનની મહત્તા સમજનારો જ જ્ઞાનીની મહત્તા સમજી શકે.

૧૭. જેના હૃદયમાં જિનવચન તેના હૃદયમાં ભગવાન, અને જેના હૃદયમાં ભગવાન ત્યાંથી પાપપિશાચો પલાયન થઈ જાય.

૧૮. અલ્પ પાપ ત્યાગ અને અલ્પ વિષય ત્યાગ કરવો પણ કેટલો દુષ્કર છે તે બરાબર સમજાય ત્યારે જ સર્વપાપના ત્યાગી અને સર્વ વિષય સુખના ત્યાગી સાધુઓની કિંમત સમજાય.

૧૯. અનુભવ વગરનું જ્ઞાન પાણી જેવું છે, જ્યારે અનુભવ યુક્ત જ્ઞાન અમૃત તુલ્ય છે.

20. [illegible] છે અને [illegible] છે.

21. જ્ઞાન લીધું, પણ પચ્યું નહીં તો શું કામનું ?

22. [illegible] ([illegible]) [illegible] ભૂમિકામાં જ [illegible] થઈ શકાય.

23. [illegible] અને [illegible] હવે આ [illegible]

24. અહિં [illegible] થાય છે

25. [illegible] થઈ શકાય.

26. [illegible]

27. [illegible] છે

28. [illegible] ?

29. [illegible]

30. [illegible] ?

31. [illegible]

32. [illegible] ?

૩૩. ઘણુ ધન-સંપત્તિ મળશે, પરંતુ જો તેનો વિનિયોગ કરવાનું યોગ્ય પાત્ર ન મળ્યું તો તે ધન-સંપત્તિ શાથી જ દુર્ગતિમાં લઈ જશે.

૩૪. મનુષ્યદેહરૂપી નૌકાનો નાશ ન થાય તે પહેલાં તેના દ્વારા ભવસાગર તરવાનું કાર્ય કરી લ્યો.

૩૫. જે ભગવાનની ભક્તિમાં ખોવાઈ જાય તેનો સંસાર ખોવાઈ જાય.

૩૬. કેટલું ખાધું પીધું ભોગવ્યું તે પુણ્યના ચોપડે જમે નહીં થાય, પરંતુ કેટલો તપ-ત્યાગ કર્યો તે જ પુણ્યના ચોપડે જમે થશે.

૩૭. જે દેવગુરુના જીવનમાં રસ લે તેનો જ સંસારરસ સુકાય.

૩૮. જે વસ્તુનું અર્થીપણું હોય તેની જિજ્ઞાસા હોવી જ જોઈએ.

૩૯. અનાર્ય માનવ દુઃખ આવે ત્યારે બીજાને દોષ દે, આર્ય પોતાના અશુભ કર્મોને દોષ દે, જ્યારે જૈન પોતાની વર્તમાનની મોહઘેલી પ્રવૃત્તિઓને દોષ દે.

૪૦. મારી કુટેવોની ખોટ મને બીજા શું ભૂલાવતા'તા, હું જ પોતે સમજીને હવે મારી કુટેવોને છોડીશ.

૪૧. જેમ જેમ ભોગ અને ભોગના સાધનો વધે તેમ તેમ સમ્યગ્દૃષ્ટિ આત્માને અકળામણ થાય, જ્યારે મિથ્યાદૃષ્ટિ આત્માને આનંદ થાય.

૪૨. વિકારોથી બચવા તપ જીવનમાં અત્યંત જરૂરી છે.

૪૩. સંસારની જડ માયારૂપી મૃગજળની પાછળ દોડવામાં અંતે નિરાશા અને થાકવાનું છે તે નક્કી જાણજો.

૪૪. વિષયોરૂપી અગ્નિને અડ્યા તો દાઝ્યા સમજજો.

૪૫. જિનવચનની આરાધના સિવાય આત્મોદ્ધાર અને તેની [illegible] સિવાય [illegible]

૪૬. જ્યાંસુધી નીતિએ ચાલવું તે આપણને આધીન નથી, ત્યાંસુધી તેનો ભોગવટો તે પણ આપણને આધીન નથી, અને ત્યાં સુધી તે આપણી ઇચ્છા મુજબ થશે તે પણ નક્કી નથી, તો પછી આ બધું તેની ચિંતા શું કરવી ?

૪૭. સંસારને કોઈ પણ કાર્ય સમજુને કદીયે [illegible] પણ નહિ થાય

૪૮. આજે કામ કરવા જાઉં [illegible] કોઈ પૂછે કે તે સદ્ગુણ [illegible] કોઈને [illegible] [illegible] શકાય ?

૪૯. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે !

૫૦. અનંતાનુબંધી કે દુષ્કૃતથી છૂટવું સહેલું છે અને [illegible] સુકૃતથી છૂટવું [illegible] છે.

૫૧. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ન થાય, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેના [illegible] [illegible] નહીં

૫૨. મેં મોક્ષ-માર્ગની [illegible] [illegible] [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ?

૫૩. અનુકંપાની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

/ મન આપણું વાઘ જેવું છે, તેને એકવાર પણ નિગોદરૂપી લોહીનું બિંદુ ચખાડ્યું તો પછી તે તેના શિકાર ઉપર તૂટી જ પડશે.

૫૫, સ્વાધ્યાય એ મેલા મનરૂપી કપડાને ધોવાનું નિર્મળ પાણી છે.

૫૬./ ધર્મના પ્રવર્તક શ્રી તીર્થંકર દેવો અને ધર્મને સમજાવનારા ગુરૂમહારાજના ઉપકારોને પ્રતિક્ષણ સ્મૃતિપથમાં લાવો અને તેઓના ચરણે વારંવાર વંદના કરો

૫૭./ સંસારિક સુખો એ ખરેખર સુખો જ નથી, પરંતુ ક્ષણિક દુઃખનો પ્રતિકાર માત્ર છે. મૂઢ જીવે દુઃખના પ્રતિકારને સુખ માની લીધું છે.

૫૮, દેવગુરુની નજીક કાયાથી તો અનંતીવાર આવ્યા, પરંતુ જ્યાં સુધી હૃદયથી આપણે તેઓની નજીક નહીં જઈએ ત્યાં સુધી મોક્ષ ઘણો દૂર છે.

૫૯./ બાંધેલા કર્મનો હજુ અંત આવે છે, પરંતુ કુસંસ્કારનો અંત આવવો અનંતકાળે પણ મુશ્કેલ છે.

૬૦./ અનિત્યની ખાતર નિત્યનો ભોગ ન અપાય.

૬૧, આ સંસાર એટલે ધરતીકંપની ભૂમિ, તેના ઉપર બહુ પાપ કરી કાયાના મહેલ ચણતા પહેલા બહુ વિચાર કરવા જેવો છે.

૬૨./ મનને મારવાથી મૃત્યુ મરે.

૬૩./ જીવન શુદ્ધિ કરવા ગીતાર્થ ગુરુ મહારાજ પાસે તમારા પાપોનો સરળભાવે એકરાર કરી પ્રાપશ્ચિત કરજો.

૬૪./ આત્મ પ્રશંસા અને પરનિંદા કરવી એ અનુચિત પ્રવૃત્તિ છે.

૨૧. [illegible] સ્વરૂપ પવિત્ર સાધુઓની જે [illegible] [illegible] શી રીતે [illegible] ?

૨૨. [illegible] છે.

૨૩. [illegible]

૨૪. [illegible]

૨૫. [illegible]

૨૬. [illegible]

૨૭. [illegible]

૨૮. [illegible]

૨૯. [illegible] છે.

૩૦. [illegible] ?

૭૫. અનાદિનો સંસારપક્ષી વિચાર હવે પડતો મૂકી મોક્ષ પક્ષી વિચાર લઈ જૈનશાસનના સાચા સભ્ય બનો.

૭૬. મોક્ષનો જ એક પ્રધાન વિચાર રાખી ધર્મક્રિયાઓ કરીશું તો જ ભવનો કિનારો જોવા મળશે.

૭૭. શાશન મારૂં છે, મારે તેની રક્ષા અને શોભા થાય તેવા કાર્યો કરવાં જ જોઇએ, આવા નિર્ધારવાળાને આ શાસન તાર્યા વગર નહીં રહે.

૭૮. શાસનની શોભામાં અમારી શોભા, તેની ઉન્નતીમાં અમારી ઉન્નતિ, આવું દ્રઢપણે માને તે જ સાચો જૈન.

૭૯. શ્રાવક અને સાધુ વચ્ચે આચારભેદ હોય પરંતુ વિચારભેદ ન હોય.

૮૦. આ તમારા વર્તમાન સંસારને ભાગ્યના અને ભવિતવ્યતાના ભરોસે ભરાવી દેશો તો મન ઘણું હલકું રહેશે.

૮૧. જે પરિસ્થિતિ આપણા કાબુ બહાર હોય તેની બાહુ ચિંતા શું કામ કરવી જોઇએ?

૮૨. સંસારરૂપી મધપુડામાંથી નિરંતર આધિ–વ્યાધિ-ઉપાધિ રૂપી મધમાખીઓ ઊડીને સંસારી જીવને ચટકા ભર્યા જ કરે છે.

૮૩. શ્રાવક ધર્મ એ સાધુ જીવનની તાલીમ માટેનો કેમ્પ છે.

૮૪. આપણી ધારણા મુજબ ઘણું ઘણું ન થાય તેનું નામ સંસાર.

૮૫. દંભ અહંકારની પકડમાંથી છૂટ્યા વગર મોક્ષની વાતોને પકડી શકાતી નથી.

૮૧. આત્મજ્ઞાનરૂપી ચિંતામણિથી અથવા ગુરુ [illegible]
[illegible] ભૂમિકાઓમાં નહીં જાય.

૮૨. શ્રેયનું આનંદ ચિરસ્થાયી છે, જ્યારે પ્રેયનું
આનંદ ક્ષણજીવી છે.

૮૩. પવિત્રતાની રક્ષા એ જ મોટામાં મોટો ધર્મ છે.

૮૪. [illegible] આત્મદર્શન કરી લેવા જેવું છે,
જેથી [illegible] દુર્ગતિઓમાં [illegible]
આત્મદર્શન કરવાનું ન રહે.

૮૫. [illegible]
[illegible]
[illegible]

૮૬. [illegible]
[illegible]
[illegible]

૮૭. [illegible]

૮૮. [illegible]
[illegible]

૮૯. [illegible]
[illegible]
[illegible]

૯૦. [illegible]

૯૧. [illegible]
[illegible]

૯૨. [illegible]

૯૮. હંમેશા સદાચારીને જ સુખ-શાંતિ-નિર્ભયતા હોય છે.

૯૯. અનીતિ કરી બળાત્કારે ઉદયમાં લાવેલા પુણ્યથી મેળવેલા ધનથી લહેર કરવી તે ઝેરના લાડુ ખાવા બરાબર છે.

૧૦૦. જે પોતાનું નથી-કદી પણ પોતાનું થવાનું નથી, મરતાં સાથે આવવાનું નથી તેની બહુ ચિંતા શું કરવી'તી?

૧૦૧. જ્યાં બહુમાન હોય ત્યાં સહેજે વિનય હોય, બહુમાનમાં જેટલી ખામી તેટલી વિનયમાં ખામી રહેવાની.

૧૦૨. આ નશ્વર કાયાથી શાશ્વત ધર્મને સિદ્ધ કરી લો.

૧૦૩. હવે વિષયોને ટકા આપવાના બંધ કરી દાન-શીલ-તપ જાપ-ધ્યાન-વ્રત નિયમોને ટકા આપવાનું શરૂ કરો.

૧૦૪. ભોગસુખ જેને જોઇએ તેને પોતાનો પુણ્યનો ચેક વટાવવો જ પડે, અને પુણ્યના ચેકના નાણાં મેળવી લીધા પછી તે ચેકની ગણતરી સામાન્ય કાગળમાં થાય.

૧૦૫. યમ-નિયમોના સમ્યગ્ પાલન વગર જીવનમાં સ્થિરતા-વ્યવસ્થિતતા આવતી નથી.

૧૦૬. અનાદિકાળના ભરાઇ બેઠેલા પાપમલો-અશુભ-ભાવોને કાઢવા રોજ બારભાવનાના ચિંતન્ રૂપ નેપાળાનો રેચ (જુલાબ) લેતા રહેવાની ખાસ જરૂર છે.

૧૦૭. વિરતિધર-સંયમી સાધુઓને રોજ દેવલોકના ઇન્દ્રો પણ પ્રણામ કરે છે.

૧૦૮. આત્મભવમાં સ્થિર થવા વ્રત-નિયમોનું અખંડ નિર્મળ પાલન બહુ જ જરૂરી છે.

૧૦૯. જેમ દરિદ્રીમાંથી શ્રીમંત બનતાં ઘરની આખી રોનક પલટાઈ જાય છે તેમ સમકિત રત્ન પ્રાપ્ત થતાં આત્મ ઘરની પણ રોનક આખી પલટાઇ જાય છે.

૧૧૦. જેમ અકર્તવ્ય કરવું તે અપરાધ છે, તેમ કર્તવ્ય ન કરવું તે પણ અપરાધ છે.

૧૧૧. ઇન્દ્રિયોરૂપી ઘોડાઓ [illegible] કાબૂમાં રાખવા જ્ઞાનરૂપી લગામ ધારણ કરીએ.

૧૧૨. ધર્મસ્થાનોને છોડીને પાપસ્થાનોમાં પ્રવેશેલા આત્માને પાછો ધર્મસ્થાનોમાં લાવવો તેનું નામ પ્રતિક્રમણ.

૧૧૩. [illegible] પ્રત્યેક પ્રદેશમાં અભિન્નતાનું દર્શન કરીએ તો [illegible] જેવું નહિ રહે.

૧૧૪. ઔદયિકભાવમાં ગયેલા આત્માને પુનઃ ક્ષયોપશમ ભાવમાં લાવવો તેનું નામ પ્રતિક્રમણ.

૧૧૫. જેને ચિંતા નથી, એને ચિંતન ન [illegible].

૧૧૬. [illegible]

૧૧૭. [illegible]

૧૧૮. [illegible]

૧૧૯. [illegible]

૧૨૦. [illegible]

૧૨૧. પાપમલોનો કચરો જ્યાંસુધી બહાર નહીં નિકળે ત્યાંસુધી કકડીને તત્ત્વની ભૂખ (રુચી) નહીં લાગે.

૧૨૨. ખાનપાન કરવામાં આજસુધી દિવસો–મહિનાઓ અને વર્ષોની ગણતરી કરી નથી તો હવે આ સકામ નિર્જરા કરવાના ભવમાં તપ ત્યાગ કરવામાં શા માટે ગણતરી કરવી જોઇએ ?

૧૨૩. સતત અને સાદર ધર્મક્રિયાથી જ મોહના કુસંસ્કારો ઉપર ઘસારો પડે.

૧૨૪. મનરૂપી ટાયરમાંથી ભાવનારૂપી હવા નિકળી જાય છે ત્યારે જીવનરૂપી સાયકલ ચાલી શકતી નથી, માટે રોજ વ્યાખ્યાનરૂપી પંપ દ્વારા મનરૂપી ટાયરમાં હવા ભરાવતા રહો.

૧૨૫. સંસારવાસ એટલે સાપનો રાફડો, તેની નજીકમાં રહેનારે ખૂબ જ સાવધાનીથી રહેવું જરૂરી છે.

૧૨૬. સંઘનો પ્રત્યેક સભ્ય મોક્ષપથનો યાત્રિક છે. ભલે પછી કોઇ યાત્રિક આગળ ચાલતો હોય, તો કોઇ યાત્રિક પાછળ ચાલતો હોય. આવા મોક્ષપથના યાત્રિકની તો ભક્તિ જ કરવાની હોય, તેને તેની યાત્રામાં બનતી બધી સહાય જ કરવાની હોય, પછી તેની સાથે કલહ કે વિરોધ તો કરવાનો હોય જ શાનો ?

૧૨૭. આજસુધી આપણી કાયાને જીવનમાં કેન્દ્રસ્થાને રાખી કલ્યાણ-અકલ્યાણની વિચારણા કરી, પરંતુ હવે આ ઉત્તમ જૈનમાનવના ભવે આત્માને કેન્દ્રસ્થાને રાખી કલ્યાણ–અકલ્યાણની વિચારણા કરવાની ખાસ જરૂર છે.

૧૨૮. સુખ અને વૈભવોથી ભરેલો સંસાર પણ સમકિતિ જીવને નજરકેદ જેવો અળખામણો લાગે.

ચિંતન સાગર ☐

૧૨૮./ [illegible] નરકગતિ કે તિર્યંચગતિમાં [illegible] છે કે નથી. પરંતુ મનુષ્યગતિ અને દેવગતિમાં [illegible]

૧૨૯./ [illegible]

૧૩૦./ [illegible] છે.

૧૩૧. [illegible] છે.

૧૩૨. [illegible] છે.

૧૩૩. [illegible] નથી

૧૩૪. [illegible] ?

૧૩૫. [illegible] છે

૧૩૬. [illegible] છે.

૧૩૭. [illegible]

૧૩૮. [illegible]

૧૩૯. [illegible] છે.

૧૪૦. [illegible]

૧૪૨. દેવગુરુને ન નમે તેને આખા જગતના પગમાં ઝુકવું પડે.

૧૪૩. જો કર્મસત્તાને તમારા પગમાં નમાવવાની ઇચ્છા હોય તો તમે દેવગુરુના ચરણોમાં ભાવથી નમતા શીખો.

૧૪૪. પરમાત્માની કૃપા મેળવવા નિરંતર સત્કાર્યો કરતા રહો.

૧૪૫. મર્યાદાના કિલ્લામાં રહેવામાં જ જીવનની સહિસલામતી છે.

૧૪૬. મર્યાદાની પાળ તૂટતાં સદાચારનું પાણી બહાર વહેવા માંડશે.

૧૪૭. અતિક્રમ–વ્યતિક્રમ અને અતિચાર એ અનાચાર તરફની આગેકૂચ છે.

૩૪૮. અકાર્યો કરતાં લોકનિંદાનો ડર રાખો.

૧૪૯. આપત્તિમાં જરાયે દીનતા ન લાવો.

૧૫૦. સંપત્તિમાં ખૂબ નમ્ર બનો.

૧૫૧. પ્રસ્તાવ ઉચિત મિત-હિત અને સત્ય બોલતાં શીખો.

૧૫૨. લીધેલા વ્રત નિયમોનું પ્રાણાંતે પણ રક્ષણ કરજો.

૧૫૩. ખોટા ઉડાઉ ખર્ચા કરી ધનનો દુર્વ્યય ન કરતા.

૧૫૪. યોગ્ય ધર્મસ્થાનોમાં ખર્ચ કરવામાં કૃપણતા ન કરતા.

૧૫૫. નિંદનીય પાપ પ્રવૃત્તિમાં કદી પણ ભાગ ન લેશો.

૧૫૬. વિશિષ્ટ ફલદાયી કાર્યો કરવાનો જ આગ્રહ રાખજો.

૧૫૭. યોગનું ફળ મેળવવા યોગનાં જ બીજો શોધીને આત્મભૂમિમાં વાવવાં જોઈએ.

૧૫૮. જિનેશ્વરદેવ પ્રત્યે પ્રીતિ અને ભક્તિવાળું ચિત્ત એ યોગનું પ્રથમ બીજ છે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

૧૭૨. જેમ જેમ દેવગુરુ પ્રત્યે હૃદયમાં બહુમાન વધતું જશે તેમ તેમ વધુને વધુ પુણ્ય કમાણી અને કર્મનિર્જરા થતી જશે.

૧૭૩. વસ્તુદર્શન સાચું ત્યારે જ કહેવાય કે જેના દ્વારા પાપક્ષય અને પુણ્યબંધ થાય.

૧૭૪. ધર્મના ખોળે જેણે જીવન સમર્પિત કરી દીધું તેના રક્ષણની સંપૂર્ણ જવાબદારી ધર્મ જાતે જ ઉપાડી લે છે

૧૭૫. ધર્મ એ સમય કાઢીને કરવા જેવી મહાન વસ્તુ છે નહિ કે ફુરસદના સમયે કરવાની તુચ્છ વસ્તુ સમજતા

૧૭૬. આગમ ગ્રંથો લખવા-લખાવવાં-પૂજવાં, તેનું બીજાઓને દાન કરવું, ભણવું-ભણાવવું, ચિંતન-મનન વગેરે કરવું

૧૭૭. એકેક ઇન્દ્રિયની આસક્તિથી પણ જીવો મૃત્યુને શરણ થાય છે, તો પછી પાંચે ઇન્દ્રિયોમાં જીવનભર આસક્ત રહેનારા બિચારા માનવનું શું થશે.

૧૭૮. જન્મ્યા ત્યારથી અત્યાર સુધી જેટલી સંભાળ આ નશ્વર કાયા અને મોહઘેલા સ્વાર્થી કુટુંબની કરી તેટલી જો તમારા પ્યારા શાશ્વત આત્માની કરી હોત તો ભવિષ્યનો અનંતકાળ ઉજ્જવળ બની જાત.

૧૭૯. સાચા શ્રાવક બનવા રોજ પ્રેમપૂર્વક અને ઉપયોગ સહિત જિનવાણીનું શ્રવણ કરો.

૧૮૦. પ્રભુના નામરૂપી મંત્રથી પાપ પિશાચો ધ્રૂજી ઉઠે છે.

૧૮૧. પ્રભુના નામરૂપી વજ્રથી કર્મરૂપી પર્વતના ચૂરેચૂરા થઇ જાય છે

૧૮૨. પ્રભુના નામરૂપી દાવાનળની અંદર કર્મનું વન બળીને ખાખ થઇ જાય છે.

૬૩. અભ્યાસક્રમમાંથી [illegible] થાય છે.

૬૪. અભ્યાસક્રમમાંથી [illegible] થાય છે.

૬૫. અભ્યાસક્રમમાંથી [illegible] થાય છે.

૬૬. અભ્યાસક્રમમાંથી [illegible] છે

૬૭. અભ્યાસક્રમમાંથી [illegible] છે

૬૮. અભ્યાસક્રમમાંથી [illegible] છે.

૬૯. અભ્યાસક્રમમાંથી [illegible] છે

૭૦. અભ્યાસક્રમમાંથી [illegible] છે

૭૧. અભ્યાસક્રમમાંથી [illegible] છે.

૭૨. અભ્યાસક્રમમાંથી [illegible] છે.

૭૩. અભ્યાસક્રમમાંથી [illegible] છે.

૭૪. અભ્યાસક્રમમાંથી [illegible]

૧૯૫. પ્રભુના નામરૂપી કલ્પવૃક્ષથી સર્વ કામનાઓ પૂર્ણ થાય છે

૧૯૬. પ્રભુના નામરૂપી સગવારાથી દુર્ગમ અને વિકટ એવી ભવાટવી પણ પાર કરી શકાય છે.

૧૯૭. પ્રભુના નામરૂપી ચિંતામણી સર્વ ચિંતાઓને ચૂરી નાંખે છે.

૧૯૮. પ્રભુના નામરૂપી તિક્ષ્ણ કુહાડાથી સંસારરૂપી વિષવૃક્ષ જડમૂળથી ઉખેડી શકાય છે.

૧૯૯. જે દેવગુરુ પાસે આપણે તેઓને સન્માનનું દાન કરવા આવીએ છીએ ત્યાં આપણે જાતે જ સન્માન લેવાની ભાવના કેમ જ રાખી શકીએ ?

૨૦૦. લઘુકર્મી આત્મા અવળી વાતને પણ સીધી લે, જ્યારે ભારેકર્મી આત્મા સીધી વાતને પણ અવળી લે.

૨૦૧. જે ગચ્છમાં ગુરુમહારાજ શિષ્યોને સાયણા–વારણાદિ ન કરતા હોય તે ગચ્છને કુગચ્છ કહેલો છે.

૨૦૨. શરીર બગડેલું જલ્દી ધોવાશે, કપડું બગડેલું જલ્દી ધોવાશે, પરંતુ પાપરૂપી કાદવથી ખરડાયેલું મન ધોવા તો ભવના ભવ જોઈશે.

૨૦૩. એવું ભણો–વાંચો–સાંભળો–વિચારો કે કષાયની આગ શાંત પડે.

૨૦૪. જ્યાંસુધી બીજાઓની ભૂલો જોવાની કુટેવ નહિ જાય ત્યાંસુધી આરાધનામાં બહુ માલ નહીં હોય.

૨૦૫. ગુણવાન પુરુષની પાસે રહેનારા પણ તેને પારખી શકતા નથી તેથી તે મહાપુરુષના ગુણો થોડા પણ પોતાના જીવનમાં ઉતરતા નથી.

૨૦૬. મનની અસ્થિરતાથી ધ્યાન ધર્મની શ્રેણી [illegible] [illegible] ધ્યાનસ્થને [illegible] [illegible] સંપૂર્ણ [illegible] કરી છે છે.

૨૦૭. મનની અસ્થિરતાથી [illegible] [illegible] ચિત્તમાં [illegible] [illegible] વિચાર [illegible] ધર્મના સાર [illegible] કરી [illegible] છે

૨૦૮. જેમ અસ્થિર પાણીમાં પ્રતિબિંબ [illegible] ન પડે તેમ અસ્થિર મનરૂપી [illegible] [illegible] પ્રતિબિંબ પણ કેમ પડે ?

૨૦૯. મનરૂપી [illegible] [illegible] એક [illegible] [illegible] [illegible] કરી છે છે.

૨૧૦. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

૨૧૧. [illegible]

૨૧૨. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

૨૧૩. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

૨૧૪. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

૨૧૫. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

૨૧૬. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

૨૧૭. ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં મુકાઈ જવા છતાં જીવન બગડે નહીં, મન બગડે નહીં તો જ સાચું જ્ઞાન કહેવાય.

૨૧૮. સમ્યગ્જ્ઞાનરૂપી દીવાદાંડીના અજવાળે અજવાળે તારૂં જીવનનાવ હંકારે રાખીશ તો ભવનો કિનારો જોવા પામીશ.

૨૧૯. પુદ્દગલ વિનાશી, જડ અને રૂપી છે, જ્યારે આત્મા અવિનાશી, ચેતન અને અરૂપી છે. તો આવા તદ્દન વિલક્ષણ ગુણધર્મોવાળા પુદ્દગલ દ્રવ્ય સાથે આત્માએ દોસ્તી કરવી કેમ શોભે?

૨૨૦. સારો રસ કે નરસો રસ, કાળુ રૂપ કે ગોરૂ રૂપ, મધુર શબ્દ કે કર્કશ શબ્દ આ બધામાં પુદ્દગલરૂપે સમાનતા દેખી રાગદ્વેષથી ન્યારો રહે એ જ જ્ઞાની.

૨૨૧. જે ભૂમિમાં પાણીનો પ્રવાહ ન હોય ત્યાં ખોદકામ કરવું વ્યર્થ છે એમ જે આત્મભૂમિમાં તત્ત્વસુશ્રૂષા (તત્ત્વશ્રવણેચ્છા) રૂપી જળપ્રવાહ ન હોય તેને તત્ત્વશ્રવણથી શું લાભ?

૨૨૨. તત્ત્વમાં મન લાગ્યા પછી અતત્ત્વની વાત કેમ ગમે?

૨૨૩. બસ આ ઉત્તમ જૈન માનવભવમાં જ્યાંથી મળે ત્યાંથી તત્ત્વ જ મેળવી લો તત્ત્વની જ વિચારણા, તત્ત્વને જ સાંભળવું, તત્ત્વને જ જોવું, તત્ત્વની જ વાત બોલવી આવા નિર્ધારવાળાને મોક્ષ દૂર કેમ જ હોય.

૨૨૪. એકલું જ્ઞાન કે એકલી ક્રિયા એ અધ્યાત્મ ન કહેવાય પરંતુ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ક્રિયાનો સુભગ યોગ એનું નામ જ સાચું અધ્યાત્મ.

૨૨૫. ધર્મ વગરનો માનવભવ એટલે દુર્ગતિની ટિકીટ.

૨૨૧. ભવાભિનંદીને [illegible] હોય, ત્યારે મુમુક્ષુ [illegible] હોય
(અર્થાત્ [illegible])

૨૨૨. ભવાભિનંદીને વિષયો વગર ચેન ન પડે, ત્યારે મુમુક્ષુને ધર્મ વગર ચેન ન પડે.

૨૨૩. ભવાભિનંદી [illegible] માને, ત્યારે મુમુક્ષુ [illegible] માને.

૨૨૪. ભવાભિનંદી [illegible], ત્યારે મુમુક્ષુ [illegible]

૨૨૫. [illegible]

૨૨૬. [illegible]

૨૨૭. [illegible]

૨૨૮. [illegible]

૨૨૯. [illegible]

૨૩૦. [illegible]

૨૩૧. [illegible]

૨૩૨. [illegible]

૨૩૮. મોહરૂપી માછીમારે આ સંસારીજીવોરૂપી માછલાંને ફસાવવા માટે ઠેર ઠેર વિષયોરૂપી માંસપેશીઓ મૂકેલી છે, માટે ફસાવવા માટેની વસ્તુમાં સુખ ન મનાય.

૨૩૯. આત્મારૂપી તુંબડા ઉપર જેમ જેમ પાપના લેપ થતા જાય તેમ તેમ તે તુંબડું વધુને વધુ નીચે અધોગતિમાં જતું જાય છે.

૨૪૦. બહારમાં જોવાથી અંદરમાં રાગદ્વેષની આગો સળગે છે.

૨૪૧. જેમ રોગથી કંટાળેલો દવાનો આદર કરે તેમ ભવરોગથી કંટાળેલો મોક્ષદાયક ધર્મનો આદર કરે.

૨૪૨. દ્રવ્યરૂપી રંગભૂમિ પર પર્યાયોરૂપી નટ–નટીઓ નવાનવા વેશ ધારણ કરી નાચી રહ્યા છે.

૨૪૩. જે ચાલી ચાલીને ખૂબ જ થાકી ગયો હોય તે જ બેસવા માટે કોઈ વાહનની શોધ કરે, તેમ જે આત્મા અનાદિ સંસારપરિભ્રમણથી ખૂબ જ થાકી ગયેલો હોય તે જ ધર્મરૂપી વાહનની શોધ કરે.

૨૪૪. તરવાના ભાવ વગર ગમે તેટલી ધર્મક્રિયાઓ વ્રત–નિયમો વગેરે કરીએ તો પણ તરી ન શકાય.

૨૪૫. સમ્યગ્દષ્ટિ આત્માનો આદર્શ હંમેશા ઉચ્ચ અને પવિત્ર હોય.

૨૪૬. 'મારે હવે તરવું જ છે' આ નિર્ધાર સાથે જિનોક્ત માર્ગની આરાધના સતત વિધિપૂર્વક થશે તો ભવસાગર તરતાં વાર નહીં લાગે

૨૪૭. જેના જીવનનો આદર્શ ઉચ્ચ અને પવિત્ર છે તે સારો કહેવાય, તેના કરતાં તે આદર્શને અનુરૂપ પ્રવૃત્તિ કરનાર વધારે સારો કહેવાય અને તેના કરતાંયે તે આદર્શને સિદ્ધ કરનાર સર્વશ્રેષ્ઠ કહેવાય.

૨૫૮. ચક્રવર્તી રાજા પાસે કોઈ સાવરણી માગવા જાય તો તે ચક્રવર્તીનું હડહડતું અપમાન કરવા જેવું છે, તેમ ચક્રવર્તીના પણ ચક્રવર્તી એવા ભગવાન પાસે દુન્યવી ભોગ સામગ્રી માગવા જવું એ ખરેખર એમનુ એક પ્રકારનું અપમાન કે લઘુતા કરવા જેવું છે.

૨૫૯. ભોગ સંપત્તિના સંપૂર્ણ ત્યાગી સાધુ પાસે ભોગ સંપત્તિની આશાથી કેમ જ જવાય ?

૨૬૦. સહજ પાપની અરુચિ અને સહજ ધર્મની રુચિ એ જ મુમુક્ષુપણાનું લક્ષણ છે.

૨૬૧. દુન્યવી ભોગ અને ભોગનાં સાધનોમાં જીવની અશરણ દશા દેખાય તો દેવ ગુરૂ ધર્મના શરણે સાચા દીલથી જવાય.

૨૬૨. કોની પ્રશંસાના બ્યુગલો જગતના ચોગાનમાં ફુંકો છો ? કંચન–કામીનીનાં કે દેવ ગુરૂ ધર્મનાં ?

૨૬૩. જેને બીજા જીવોના સુખ–દુઃખની કાંઇ જ પડી નથી તેને ધર્મી કોણ કહે ?

૨૬૪. "મારૂં જીવન કોઇને પણ પીડારૂપ ન થાઓ" આવા વિચારપૂર્વક ચોકસાઇ સાથે જીવન જીવવું એ જ ધર્મનો મર્મ છે એમ જાણવું.

૨૬૫. જ્ઞાનીના હાથે હલાહલ ઝેર પીવું સારૂં પણ અજ્ઞાનીના હાથે અમૃત પીવું ખરાબ.

૨૬૬. દેવ પણ રત્નત્રયીના લીધે જ આરાધ્ય. ગુરુ પણ રત્નત્રયીના લીધે જ આરાધ્ય. ધર્મ પણ રત્નત્રયીના લીધે જ આરાધ્ય. એટલે જ રત્નત્રયીને પરમયોગ, પરમધર્મ, પરમતત્ત્વ અને મોક્ષમાર્ગ કીધેલો છે.

૨૭૮. જો જગતમાં કિંમત હોય તો ધર્મ, ધર્મકર્તાઓ અને ધર્મોપદેશકોની જ છે.

૨૭૯. ગુરુવંદનથી નીચગોત્રનો નાશ અને ઉચ્ચગોત્ર બંધાય છે.

૨૮૦. જેમ કરવતથી લાકડું કપાય તેમ કાઉસ્સગ્ગથી કર્મો કપાય છે.

૨૮૧. જો અખંડસુખ જોઈતું હોય તો અહિંના ખંડ ખંડ સુખનો મોહ મૂકવો પડશે.

૨૮૨. મહાવ્રતો લઈ લેવા એ હજુ સહેલા છે, પરંતુ તે લીધા પછી તેના પાલનની (રક્ષણની) જવાબદારી એ એક મહાસામ્રાજ્યની જવાબદારીથી પણ મોટી છે એ સંયમીએ ભૂલવું ન જોઈએ.

૨૮૩. સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચુર્ણિ અને ટીકા આ પાંચને પંચાંગી આગમ કહેવામાં આવે છે.

૨૮૪. હે પ્રભુ! તને જે ન ખપે તે તારા ભક્તને કેમ જ ખપે?

૨૮૫. રોગની ભયંકરતા સમજેલો કડવામાં કડવી પણ દવા હોંશે હોંશે ગટગટાવી જાય છે અને દવા આપનારનો પણ ઉપકાર માનતો હોય છે, તેમ કર્મ રોગની ભયંકરતા સમજેલો મનુષ્ય કઠીન સંયમ અને તપરૂપી દવા પીવામાં પણ જરાયે મનમાં દુઃખ લાવતો નથી, પરંતુ ઉલટો આનંદ માનતો હોય છે.

૨૮૬. પારસમણી તો લોઢાને સોનું બનાવે, જ્યારે આપણને મળેલા દેવ–ગુરુ તો પોતાના સમાન તેના ઉપાસકને બનાવી દે છે.

૨૮૭. અનાદિકાળથી વળગેલા ભવના ભૂતને હવે કોઈ સદ્ગુરુરૂપી ભુવાને શોધીને ભગાડી મૂકજો.

૩૦૧. દુરાશય એ દુર્ગતિની જડ છે, જ્યારે સદાશય એ સદ્ગતિની જડ છે.

૩૦૨. સદાશયવાળાને સુખ છોડતું નથી, જ્યારે દુરાશયવાળાને દુઃખ છોડતું નથી.

૩૦૩. સદાશયવાળો શુભકર્મોનું ઉપાર્જન કરે છે, જ્યારે દુરાશયવાળો અશુભકર્મોનું ઉપાર્જન કરે છે.

૩૦૪. સદાશય એ ધર્મની યોગ્યતા સૂચવે છે, દુરાશય એ ધર્મની અયોગ્યતા સૂચવે છે.

૩૦૫. સદાશય એ શીવસુંદરીનો પ્રિય દૂત છે.

૩૦૬. સદાશય વગરનું ધર્માનુષ્ઠાન ઉખર ભૂમિમાં વાવેલા બીજ જેવું છે.

૩૦૭. સદાશય એ સુખની જનેતા છે.

૩૦૮. સદાશય એ સુખની ખાણ છે.

૩૦૯. સદાશયના પાણી વગર જીવનનો બાગ ઉજ્જડ બની જાય છે.

૩૧૦. સદાશય એ સદ્ગુણોનું મૂળ છે.

૩૧૧. સદાશય એ શાશ્વત સુખનું બીજ છે.

૩૧૨. અનુકૂળતામાં કે પ્રતિકુળતામાં સદાશય જીવતો રહે તો જ સાચું જ્ઞાન લીધું છે એમ સમજવું.

૩૧૩. બીજા બગડે તો પણ આપણે ન બગડીએ તો સમજવું કે આપણે સાચું શિક્ષણ લીધું છે.

૩૧૪. બીજા મારૂં ભલે બગાડી જાય તો પણ મારે તેનું બગાડવું નહીં, એ સદાશયની નિશાની છે.

૩૨૪. ક્ષણિક સુખ-સંપત્તિની ખાતર સદાશયને સળગાવી મારો નહીં.

૩૨૫. તારા માનેલા જ મોટે ભાગે તારી નારાજી સર્જનાર હોય છે એ રખે ભૂલતો.

૩૨૬. તમારું કાર્ય જો નિષ્ઠાયુક્ત છે તો તમે જગતની અદાલતમાં તમારા કાર્યની યોગ્યતા-અયોગ્યતાનો ન્યાય કરાવવા જતા નહીં, અને જશો તો તમે વધુ દુઃખી થશો.

૩૨૭. 'સારું સૌ કોઇ પામો', 'સૌ કોઇ સારું જ કરો', 'કોઇપણ જીવ પાપ ન કરો' આ ભાવના આપણા હૃદયને પવિત્ર કરશે.

૩૨૮. જગતના જીવોને દુરાચારોથી-પાપોથી બચાવી સદાચારમાં-ધર્મમાં જોડવા એ સર્વશ્રેષ્ઠ પરમોપકારનું કાર્ય છે.

૩૨૯. દુઃખી જીવોને અન્ન-વસ્ત્ર દવા વગેરે આપનારા કરતાં પણ તે જીવોને સદ્‌વિચાર અને ધર્મ આપનાર કંઇ ગુણો ઉપકારી છે.

૩૩૦. અવિધિથી બચાવનારા-અટકાવનારા તરફ અણગમો બતાવવો એ ભારે કર્મીતાની નિશાની છે.

૩૩૧. દ્રવ્ય ઉપકાર તો આલોક પૂરતો જ બહુ બહુ તો ઉપયોગી છે, જ્યારે ભાવ ઉપકાર તો આલોક અને પરલોકમાં પણ ઉપયોગી છે.

૩૩૨. ધનની સગવડ આપનારા કરતાં જ્યારે આપણને સદ્‌વિચાર આપનારા વધારે ઉપકારી લાગશે ત્યારે સમજવું કે કંઇક ધર્મનો મર્મ સમજ્યા છીએ.

૩૪૪. કર્મ સરકારે મનુષ્ય ભવ આપીને અનાદિકાળની કારમી ગુલામીમાંથી જીવને છૂટવા તક આપી છે. માટે જો જરા તમારામાં ડહાપણ હોય તો હવે વેતાગર કર્મ સરકારની ગુલામીની બેડીઓ તોડવા તપ-સંયમના હથોડા હાથમાં લઈને જોરજોરથી તોડવા માંડજો.

૩૪૫. મોહની તાકાત સુક્ષ્મબોધ વગર તોડી પણ શકાતી નથી અને સમજી પણ શકાતી નથી.

૩૪૬. જગતનું યથાર્થ દર્શન કરવા સુક્ષ્મબોધરૂપી દુરબીન જોઈએ.

૩૪૭. જેનાથી આત્મા કર્મથી રંગાય તેનું નામ રાગ.

૩૪૮. મૃત્યુના બળ આગળ તમારૂં કાયબળ, બુદ્ધિબળ, ધનબળ, સત્તાબળ, અને સ્વજન બળ પણ સાવ લાચાર છે.

૩૪૯. જ્યાં સુધી જીવને પોતાના વાસ્તવિક ઉપકારી કે અપકારી કોણ છે તેનું સાચું ભાન ન થાય ત્યાં સુધી સુક્ષ્મબોધ છે એમ કેમ કહેવાય ?

૩૫૦. ૯૬ લાખ દુર્ગતિઓની યોનિઓ મહાસુસીબતે વટાવી વટાવીને માંડ મહાન પુણ્યોદયે આ જીવ માનવ યોનિમાં આવ્યો છે. તો હવે અહિ એવું કર કે તારે ફરીથી તે ૯૬ લાખ દુર્ગતિઓરૂપી ગુંડાઓના હાથમાં જવું ન પડે.

૩૫૧. સ્વભાવે શુદ્ધ સ્ફટિક જેવા આત્મા ઉપર રાગનો કાળો કુચડો ફરી વળવાથી આત્માનું સ્વરૂપ મલીન બનેલું છે.

૩૫૨. જેમ જેમ તમે મોટા થતા ગયા તેમ તેમ રાગને પણ તમે પાળી પોષીને મોટો કરતા ગયા અને આજે તે તમારો પાળી પોષીને મોટો કરેલો રાગ રૂપી દીકરો જ તમને ડગલેને પગલે દુઃખી કરે છે.

૩૬૪. રાગની ગરમીનો પારો જેમ જેમ નીચે ઉતરતો જશે તેમ તેમ જ્ઞાન શાંતિ વધતી જશે.

૩૬૫. આપણે તો તે કક્ષા સુધી પહોંચવાનું છે કે પુણ્યના ઉદયમાં અને પાપના ઉદયમાં પણ જળ પંકજની માફક અલિપ્ત રહી આત્મ સાધના કરતા રહીએ.

૩૬૬. પુણ્યના ઉદયમાં પણ ઉદાસીનભાવ અને પાપના ઉદયમાં પણ ઉદાસીન ભાવ રાખી આપણો ભાવ કેવળ મોક્ષમાં આધીન રહે તે ખાસ જરૂરી છે.

૩૬૭. જેમ શરીરથી કપડું જુદું છે તેમ પાપ–પુણ્યથી આત્મા પણ વાસ્તવિક જુદો છે.

૩૬૮. જેમ પાપના ઉદયે આવતું દુઃખ અનિષ્ટ લાગે છે તેમ પુણ્યના ઉદયે આવતું સુખ જ્યારે અનિષ્ટ મહાઅનિષ્ટ લાગશે ત્યારે જ સાચી મોક્ષ સુખની ભૂખ ઉઘડશે.

૩૬૯. ધર્મના સાધનો પ્રત્યે જેટલી શ્રદ્ધામાં ખામી તેટલી ધર્મ સાધનામાં ખામી રહેવાની.

૩૭૦. ભગવાન તીર્થંકર સ્થાપિત સંઘના સભ્યમાં લાયકાત અને વફાદારી કેટલી બધી જોઇએ એ જરા વિચારતા રહેજો.

૩૭૧. સદ્‌વિચારનું દાન કરનારા તો લાખો અને કરોડોનું દાન કરનારા કરતાં પણ ઘણા શ્રેષ્ઠ છે.

૩૭૨. ધારાસભાના કે લોકસભાના સભ્ય થવા કરતાંયે ભગવાન તીર્થંકરોના સંઘના સભ્ય થવા માટે લાખો ઘણી પુણ્યાઈ જોઈએ છે, એ રખે ભૂલતા.

૩૭૩. આચારપતિત કરતાં વિચારપતિત કઈ ગુણો ભયંકર છે.

૩૭૪. હજુ આચારપતિતનું સ્થાન જૈનશાસનમાં છે, પરંતુ વિચારપતિતનું સ્થાન તો છે જ નહીં.

૩૮૬. જ્યાં મમતા ત્યાં સમતા કેમ હોય ? અને જ્યાં સમતા નહીં ત્યાં ધર્મ કેમ હોય ?

૩૮૭. સુક્ષ્મબોધવાળો સુખ–દુઃખની બાબતમાં વિપર્યાસ બુદ્ધિ વાળો કદી ન હોય.

૩૮૮ સૂક્ષ્મબોધવાળો ભૌતિક પદાર્થોને કદી પણ પોતાના સુખનું લક્ષ ન બનાવે

૩૮૯. ઇચ્છાઓને સંતોષવા જતાં ઉપરથી તેઓનો કબ્જો આત્મા ઉપર વધતો જાય છે.

૩૯૦. સૂક્ષ્મબોધવાળો તો સ્પષ્ટ રીતે માનતો હોય કે સ્વાધીન એટલું સુખ, પરાધીન એટલું દુઃખ.

૩૯૧. ઘડપણમાં જો જીતેન્દ્રિય બનતાં આવડે તો ઘડપણ બહુ દુઃખદાયી નહીં લાગે.


૩૯૨. નિત્ય પ્રભાત થાય છે અને ઇચ્છાઓનું સરઘસ આત્મારામના દ્વારે અડ્ડા જમાવી બેસી જ ગયું હોય છે, અને પોતાની માગણીઓ પૂરી કરવા ગગનભેદી નારા લગાવે રાખે છે.

૩૯૩. જેમ રત્નની પરીક્ષા માટે સૂક્ષ્મબુદ્ધિની જરૂર પડે છે તેમ તત્ત્વની પરીક્ષા માટે પણ સૂક્ષ્મ મતિની આવશ્યકતા છે.

૩૯૪. જેટલા પ્રમાણમાં પરાધીનતા વધારે તેટલા પ્રમાણમાં જીવનની બરબાદી સમજી લેવી.

૩૯૫. કોઇપણ દેશ–સમાજ કે વ્યક્તિ જેટલા પ્રમાણમાં પરાશ્રિત તેટલા પ્રમાણમાં દુઃખી અને બરબાદ થવાની.

૩૯૬. તત્ત્વનો નિર્ણય થઇ ગયા પછી તો સુખની બાબતમાં સ્વાધીન બનવાનું મન થઈ જાય છે.



૪૦૯. જેમ જેમ સ્વાર્થનું સર્કલ વધતું જાય છે તેમ તેમ ગુણનું સર્કલ સાંકડું થતું જાય છે.

૪૧૦. જે યોગ્ય વ્યક્તિઓને સન્માનનું દાન કરતો નથી તેને બીજાઓ તરફથી સન્માન લેવાનો અધિકાર નથી.

૪૧૧. સંસારને જે વફાદાર નથી, તેને સંસાર સંઘરવા તૈયાર નથી.

૪૧૨. જે શાસનને વફાદાર તેને આ શાસન સંસારમાં કેમ પડવા દે !

૪૧૩. બીજાના સુખ–દુઃખના વિચાર વિનાનું તમારૂં જીવન બીજાને પ્રિય ન લાગે એમાં નવાઇ શું ?

૪૧૪. અહંકારની આડ વચ્ચેથી ખસે તો માનવ માનવની નજીક આવી શકે.

૪૧૫ મનુષ્ય મનુષ્ય વચ્ચેનું અંતર પડાવનાર અહંભાવ છે.

૪૧૬. વસ્તુસ્વભાવને જિનવચનાનુસારે બરાબર ઓળખીને તે મુજબ તે વસ્તુ અંગે નિશ્ચિત અભિપ્રાય પોતાના હૃદયમાં નક્કી કરવો જોઇએ.

૪૧૭. જેમ લોકદૃષ્ટિએ અમુક વસ્તુ સારી અને અમુક વસ્તુ ખરાબ એમ નક્કી કરી રાખેલું છે, તેમ લોકોત્તરદૃષ્ટિએ કયી વસ્તુ વાસ્તવમાં સારી છે કે ખરાબ છે તે નક્કી કરવું જોઇએ.

૪૧૮. અનીતીનો પૈસો એ તો મનુષ્યને જીવતા બાળવાની ચિતા છે.

૪૧૯. ન્યાય–નીતિ એજ સાચો શાસ્ત્રોક્ત ધનોપાર્જનનો ઉપાય છે એ વાત તાજી કરવાનો સમય પાકી ગયો છે.

૪૦૯. જેમ જેમ સ્વાર્થનું સર્કલ વધતું જાય છે તેમ તેમ સુખનું સર્કલ સાંકડું થતું જાય છે.

૪૧૦. જે યોગ્ય વ્યક્તિઓને સન્માનનું દાન કરતો નથી તેને બીજાઓ તરફથી સન્માન લેવાનો અધિકાર નથી.

૪૧૧. સંસારને જે વફાદાર નથી, તેને સંસાર સંઘરવા તૈયાર નથી.

૪૧૨. જે શાસનને વફાદાર તેને આ શાસન સંસારમાં કેમ પડવા દે !

૪૧૩. બીજાના સુખ–દુઃખના વિચાર વિનાનું તમારું જીવન બીજાને પ્રિય ન લાગે એમાં નવાઇ શું ?

૪૧૪. અહંકારની આડ વચ્ચેથી ખસે તો માનવ માનવની નજીક આવી શકે.

૪૧૫ મનુષ્ય મનુષ્ય વચ્ચેનું અંતર પડાવનાર અહંભાવ છે.

૪૧૬. વસ્તુસ્વભાવને જિનવચનાનુસારે બરાબર ઓળખીને તે મુજબ તે વસ્તુ અંગે નિશ્ચિત અભિપ્રાય પોતાના હૃદયમાં નક્કી કરવો જોઇએ.

૪૧૭. જેમ લોકદૃષ્ટિએ અમુક વસ્તુ સારી અને અમુક વસ્તુ ખરાબ એમ નક્કી કરી રાખેલું છે, તેમ લોકોત્તરદૃષ્ટિએ કયી વસ્તુ વાસ્તવમાં સારી છે કે ખરાબ છે તે નક્કી કરવું જોઇએ.

૪૧૮. અનીતીનો પૈસો એ તો મનુષ્યને જીવતા બાળવાની ચિતા છે.

૪૧૯. ન્યાય–નીતિ એજ સાચો શાસ્ત્રોક્ત ધનોપાર્જનનો ઉપાય છે એ વાત તાજી કરવાનો સમય પાકી ગયો છે.

૪૩૦. જે વસ્તુનું અર્થીપણું હોય તે વસ્તુ ઝટ યાદ રહી જાય.

૪૩૧. 'મારું સંતાન મુનિમાર્ગે જાય તો બહુ સારું' આવું માને તે જ સાચો શ્રાવક.

૪૩૨. જે કુળમાં દીક્ષાની–સંયમની વાતો ન થતી હોય તે જૈન કુળ કેમ કહેવાય ?

૪૩૩. હજુ જીવનદીપકમાં આયુષ્યરૂપી તેલ છે ત્યાં સુધી પરલોકનું ભાતું તૈયાર કરવું હોય તો કરી લેજો. પછી તેલ ખૂટી ગયા પછી જીવનદીપક બુઝાઈ જવાનો છે.

૪૩૪. જેવી વસ્તુ તેવો ભાવ જોઇએ.

૪૩૫. તત્ત્વ શીખવા માટેની શાળા હોય તો એક જ સંયમરૂપી શાળા છે, અને આ શાળાનું ઉદ્ઘાટન કરનારા અનંતજ્ઞાની તીર્થંકર દેવો છે.

૪૩૬. પાપનાં કામો ઢીલમાં નાખીને ધર્મનાં કામો જલ્દી પતાવતાં શીખો.

૪૩૭. અસત્પુરુષાર્થના અંધકારમાંથી નીકળી હવે આ જૈન-માનવના ભવે સત્પુરુષાર્થમાં લાગી જઈ આત્માને ધર્મના પ્રકાશમાં લાવવાનો છે.

૪૩૮. આત્માને ઓળખ્યા પછી પુદ્ગલનો સંગ શરમ ઉપજાવનારો બનવો જોઇએ.

૪૩૯. સૂક્ષ્મબોધ એ ભવસાગર પાર કરવાનો પુલ છે.

૪૪૦. આત્માર્થી તો પુદ્ગલનાં કામો એક વેઠીયાની માફક પતાવતો હોય.

૪૪૧. જે પુદ્ગલોને અનંતીવાર જગતના જીવોએ ભોગવી ભોગવીને એઠાં–જુઠાં કરી ફેંકી દીધા તેને શું મારે હવે હોંશે હોંશે ચાટવાના છે ? આવું આત્મસંવેદન સૂક્ષ્મબોધવાળાને હોય.

૪૫૨. હૃદય કાળું અને કામ ધોળું ત્યાં આત્મકલ્યાણ કેમ થાય?

૪૫૩. દીલ પણ ધર્મનું અને પ્રવૃત્તિ પણ ધર્મની હોય તો આત્મકલ્યાણ થતાં વાર ન લાગે.

૪૫૪. ધર્મનું ઔષધ લાગું નથી પડતું તેનું કારણ રાગના રોગવર્ધક વાતાવરણમાં સદા રહો છો માટે. રોગમુક્ત થવા રોગના વાતાવરણથી દૂર રહેવું જરૂરી છે.

૪૫૫. શ્રદ્ધાનું બળ ધર્મસાધનાનું બળ વધારે છે.

૪૫૬. સંસારરૂપી ગુંડાનો સામનો ધર્મ યૌવનવાળો જ કરી શકે.

૪૫૭. સમકિત આવ્યા પછી હંમેશા સારૂં જ કામ કરવાનું ગમે.

૪૫૮. સમકિતિ આત્માની પ્રવૃત્તિ હજુ મેલી હોય શકે, પરંતુ હૃદય મેલું ન હોય

૪૫૯. જેમ પાંજરામાં પૂરેલો સમર્થ સિંહ દુઃખી થાય છે, તેમ સંસારરૂપી પાંજરમાં રહેલો સમકિતી આત્મારૂપી સમર્થ સિંહ પણ દુઃખી થાય છે.

૪૬૦. સિદ્ધ ભગવંતો આપણી જીવન નૌકાનો ધ્રુવ તારો હોવો જોઇએ

૪૬૧. દુઃખનું ઝાડ તેં જ પૂર્વે હોંશે હોંશે વાવેલું, હવે તે ઝાડની છાયાથી શું કામ છેટો ભાગવા પ્રયત્ન કરે છે?

૪૬૨. દુઃખના કારણોને છોડવા નથી અને સુખના કારણોને સેવવા નથી તો પછી દુઃખ જાય કેવી રીતે અને સુખ આવે કેવી રીતે?

૪૬૩. જ્યાં સુધી અનાદિકાળની મેલી દૃષ્ટિમાં ફેરફાર ન થાય ત્યાં સુધી કાંઈ વળે તેમ નથી.

૪૭૫. ધર્મ સ્વભાવમાં ઉતરે પછી વાતવાતમાં એના મોંઢે ધર્મની જ વાત હોય. વિચારમાંયે ધર્મ, વાણીમાંયે પણ ધર્મ અને વર્તનમાંયે પણ ધર્મ. એના કપડામાં, એના ખાનપાનમાં, એની ચાલમાં, એની આંખમાં પણ ધર્મ મૂર્તિમંત દેખાય. બીજાઓને ધર્મમાં જોડવામાં તેને ખૂબ જ રસ હોય, ધર્મની વાતો સાંભળવી, વાંચવી-વિચારવી બહુ જ ગમે.

૪૭૬. ધર્મનું જીવનમાં સ્થાયી સ્થાન હોવું જોઈએ.

૪૭૭ દુઃખની જડ દોષ છે.

૪૭૮. ધર્મ કરવો એટલે દોષોને કાઢી ગુણોને લાવવા.

૪૭૯. સંયમ એટલે આત્મશુદ્ધિનું અનન્ય સાધન.

૪૮૦. પગમાં જેને કાંટો ખૂંચતો હોય એ જ કાઢે, તેમ દોષ જેને ખૂંચતો હોય એ જ કાઢે.

૪૮૧. દોષમાં દુઃખ નથી તો ધર્મની કાંઈ પડી નથી એમ માનવું.

૪૮૨. સર્વથા દોષ રહિત મોક્ષનો ખપ હોય તેણે દોષોની નિરંતર પગચંપી કરે કેમ ચાલશે ?

૪૮૩. મત્સરી મનુષ્ય બીજાનું સુખ જોઈને જ મરવા પડે છે.

૪૮૪. જેમ મચ્છર મનુષ્યનું લોહી પી જાય છે તેમ મત્સર દોષ મનુષ્યનું પુણ્ય પી જાય છે.

૪૮૫ જેટલું મમતાનું પ્રમાણ વધારે તેટલો ભય વધારે.

૪૮૬ અનીતિના ધનથી અનાચાર વધી પડયા.

૪૮૭. કર્તવ્ય માનીને કામ કરે તેને પછી પાછળથી જીવ બાળવાનો વખત નથી આવતો.

૪૮૮. વિવેક અને ઉત્સાહ એજ પુરૂષાર્થનું મૂળ છે.

૫૦૬ ભોગો તરફ મુખ રાખીને ત્યાગ નો આનંદીનાર ક્યાં, હવે ભોગો તરફથી મોં ફેરવીને ત્યાગ કરો.

૫૦૭/ ભોગમાં જીવની સલામતી નથી, ત્યાગમાં જ જીવની સંપૂર્ણ સલામતી છે.

૫૦૮./ વિષયલંપટ જીવો જ દુર્ગતિઓમાં જાય છે.

૫૦૯. 'વિષય એ વિષ છે' એ વાત ગળે નહિ ઉતરે ત્યાં સુધી 'ધર્મ એ અમૃત છે' એ વાત ગળે નહિ ઉતરે.

૫૧૦. યોગસાધક મનુષ્ય સ્વયં અગવડ વેઠીને પણ બીજાને સગવડ કરી આપનારો હોય.

૫૧૧./ મોક્ષના અધિકારી બનવા ભોગોનો અધિકાર જતો કરવો પડશે.

૫૧૨./ વિષયભોગો મૃગજળ, સંધ્યાના રંગ અને સ્વપ્ન તુલ્ય કાલ્પનિક અને ક્ષણિક છે.

૫૧૩./ ભોગોને જે છોડી દે છે તેને દુઃખ છોડી દે છે.

૫૧૪./ ભોગોને જે પકડી રાખે છે તેને દુઃખ પણ પકડી રાખે છે.

૫૧૫. ભોગોને છોડે તેને દુઃખ છોડી દે છે.

૫૧૬.\ ભોગોને ત્યજે તેને સુખ કદી ત્યજતું નથી.

૫૧૭./ મનુષ્યને પાપમાં પાડનાર વિષયભોગોનો રાગ છે.

૫૧૮.\ ભોગ પુણ્યનો ભોગ લે છે.

૫૧૯./ ત્યાગ પાપનો ભોગ લે છે.

૫૨૦./ પાપને જે છોડશે તેને દુઃખ છોડશે.

૫૨૧.\ દુઃખનો ડર રાખ્યા વિના પાપનો ડર રાખો.

૫૨૨./ દુઃખનો ડર તે દુર્ગુણ છે, જ્યારે પાપનો ડર તે સદ્ગુણ છે.

૫૩૭. સારાને ખોટું માનવું અને ખોટાને સારું માનવું એ જ મહામોહ છે.

૫૩૮. સારાને સારું અને ખોટાને ખોટું માની સત્યનો સ્વીકાર અને ખોટાનો ત્યાગ કરવો જોઈએ.

૫૩૯. સત્યને સમજવા સૂક્ષ્મ અને સ્વચ્છ બુદ્ધિ જોઈએ.

૫૪૦. ઝેરની શીશી ઉપર સાકરનું લેબલ લગાડવાથી કંઈ ઝેરની શીશી સાકરવાળી બની જતી નથી.

૫૪૧. શુદ્ધ વિદ્યા એ કામધેનુ છે.

૫૪૨. પ્રાણનો ત્યાગ કરવો સારો, પરંતુ શીલભંગ કરવો સારો નહિ.

૫૪૩. વીતરાગ પુરુષનું સતત સ્મરણ કરતો યોગી વીતરાગતાને પામે છે.

૫૪૪. સત્યથી ધર્મ ઉત્પન્ન થાય છે, દયા દાનથી વધે છે, ક્ષમાથી જીવનમાં ધર્મની સ્થાપના થાય છે અને ક્રોધ લોભથી ધર્મનો નાશ થાય છે.

૫૪૫. માંસ ખાય તે માણસ ન કહેવાય, પણ રાક્ષસ કહેવાય.

૫૪૬. દારૂ પીનારો દાનવ કહેવાય.

૫૪૭. પરસ્ત્રી ભોગવનારો પિશાચ કહેવાય.

૫૪૮. માલમાં ભેળસેળ કરનારો ભયંકર પાપી છે.

૫૪૯. વિવેક આત્મજ્ઞાની સદ્ગુરુની સેવાથી આવે છે.

૫૫૦. મનને મારતા રહેવાથી મૃત્યુંથી મુક્તિ મળશે.

૫૫૧. પુણ્યશાળીના પગલે પગલે સંપત્તિ હોય છે.

૫૫૨. શુદ્ધને સુખ મળે, માટે સુખ લેવા શુદ્ધ બનો.

૬૦૩. નવકારથી પાપોનું નિકંદન નીકળી જાય છે.

૬૦૪. ભાવથી નવકારમંત્રના શરણે જવાથી પંચ પરમેષ્ઠિઓનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે.

૬૦૫. નવકારથી નર નારાયણ બને છે.

૬૦૬. નવકારથી રોગો નાશી જાય છે.

૬૦૭. નવકારરૂપી સિંહને જોઈને દુઃખોરૂપી હરણીયાં ભાગી જાય છે.

૬૦૮. નવકારનું કવચ જેણે ધારણ કર્યું તેને કામદેવનાં બાણોની વર્ષા કંઈ જ કરી શકતી નથી

૬૦૯. નવકારથી કલ્યાણની કેડી રચાય છે.

૬૧૦. નવકારરૂપી મિત્ર જેની સાથે છે તેને સંસારરૂપી ગુંડા શું કરવાનો છે?

૬૧૧. આત્મસમર્પણ વિનાની સદ્ગુરુ સેવા સિદ્ધિ ન આપે.

૬૧૨. ગુરુ પારતંત્ર્ય અને શાસ્ત્ર પારતંત્ર્ય વિના તત્ત્વજ્ઞાનનો પ્રકાશ ન થાય.

૬૧૩. અધ્યાત્મ વિના આત્માનો ઉદ્ધાર નથી.

૬૧૪. પુણ્ય બાંધવાની ક્રિયામાં આ જીવ પ્રમાદ કરે છે, જ્યારે પાપ બાંધવાની ક્રિયામાં આ જીવ પ્રમાદ કરતો નથી.

૬૧૫. પુણ્ય બાંધનારો સુખનું પોટલું બાંધીને પરલોકમાં જાય છે.

૬૧૬. પાપ બાંધનારો દુઃખનું પોટલું બાંધીને પરલોકમાં જાય છે.

૬૧૭. આત્માને પવિત્ર કરે તે પુણ્ય.

૬૧૮. આત્માને મલીન કરે તે પાપ.

૬૧૯. પાપરાગ ધર્મરાગ ઉત્પન્ન થવા દેતો નથી.

૬૪૦. જન્મ આપતા રહેશો ત્યાં સુધી જન્મ લેવો પડશે.

૬૪૧. દુઃખ આપતા રહેશો ત્યાં સુધી તમારે દુઃખી થવું પડશે.

૬૪૨. દુઃખ ન જોઈતું હોય તો દુઃખ આપવાનું બંધ કરો.

૬૪૩ કોઈના પણ દુઃખમાં રાજી ન થાવ.

૬૪૪. કોઈના પણ સુખની ઈર્ષ્યા ન કરો.

૬૪૫. સ્વપ્રશંસા અને પરનિંદા છોડો.

૬૪૬. કોઈને પાપમાં પાડો નહિ.

૬૪૭. કોઈને ધર્મ કરતાં રોકો નહિ.

૬૪૮. કોઈની ખાનગી વાત પ્રગટ ન કરો, પરંતુ પેટમાં રાખો.

૬૪૯, કોઈના ઉપર ખોટો આળ ચઢાવો નહિ.

૬૫૦. પારકી પંચાતમાં પડો નહિ.

૬૫૧. કોઈના બુરામાં ઉભા ન રહો.

૬૫૨. થાય તો બીજાનું ભલું કરવું, પરંતુ બુરૂં તો ન જ કરવું.

૬૫૩. ભોગોને ભૂંડા માનનારો જ ભગવાનનો ભક્ત છે.

૬૫૪. ભોગોનો ભક્ત ભગવાનનો ભક્ત નથી.

૬૫૫. જે મનમાં ભોગોનો વાસ છે તે મનમાં ભગવાનનો વાસ ન હોય.

૬૫૬. જે ભોગોને છોડે તે ભગવાનને પકડે.

૬૫૭. ભોગપ્રીતિને પડતી મૂક્યા સિવાય ભગવાન પ્રીત આવવાની નથી.

૬૫૮. મોક્ષ મેળવી આપનારા ઉપર મમતા જોઈએ અને સંસાર સાધી આપનાર પ્રત્યે વૈરાગ્ય જોઈએ.

૬૭૪. વિષતુલ્ય વિષયસુખ ખાતર અમૃતતુલ્ય ધર્મને છોડો નહિ.

૬૭૫. અનિત્ય એવા ભોગસુખો ખાતર કલ્પવૃક્ષ સમાન ધર્મને મૂકો નહિ.

૬૭૬. અજ્ઞાન જ સર્વ પાપોનું મૂળ છે.

૬૭૭. જે સ્વેચ્છાએ સુખ છોડે છે તે સુખનો મોટો સંગ્રહ કરે છે અને જે સુખ ભોગવી લે છે તે સુખથી ખાલી થાય છે.

૬૭૮. સુકૃતથી સુખનો સંગ્રહ થાય છે.

૬૭૯. દુષ્કૃતથી દુઃખનો સંગ્રહ થાય છે.

૬૮૦. પાપથી પરલોક બગડે છે.

૬૮૧. પુણ્યથી પરલોક સુધરે છે.

૬૮૨. જેનું જીવન સુધરે તેનું મરણ સુધરે, અને જેનું મરણ સુધરે તેનો પરલોક સુધરે.

૬૮૩. શાસ્ત્ર શ્રવણથી સદ્બુદ્ધિ આવે છે.

૬૮૪. શાસ્ત્ર શ્રવણથી વૈરાગ્ય આવે છે.

૬૮૫. શાસ્ત્ર શ્રવણથી પોતાનું સાચું શ્રેય ક્યાં છે તેની ખબર પડે છે.

૬૮૬. શાસ્ત્ર શ્રવણથી પાપનો રસ જાય છે અને ધર્મનો રસ ઉત્પન્ન થાય છે.

૬૮૭. શાસ્ત્ર શ્રવણથી સંસારની અસારતાનું ભાન થાય છે.

૬૮૮. શાસ્ત્ર શ્રવણથી આત્મજ્ઞાન થાય છે.

૬૮૯. શાસ્ત્ર શ્રવણ સદ્ભાવથી થવું જોઇએ.

૬૯૦. સારા બનવા શાસ્ત્ર શ્રવણ કરે તે મોડો વહેલો પણ સારો બન્યા વિના ન રહે.

૭૩૧. સ્વાર્થ દેખાય ત્યાં સ્નેહ ગાંઠ કરો છો
૭૩૨. ધન, ધણિયાણી અને ધરાથી આ જીવ કદીયે ધરાયો નથી અને ધરાવાનો નથી.
૭૩૩. ભગવાનને ભૂલાવે તેની સાથે તમે હાથ મીલાવ્યા છે.
૭૩૪. ભગવાનને કોણે ભૂલાવ્યા ખબર છે? ભજકલદારે, ભાર્યાએ, અને ભોગોએ.
૭૩૫ છતાં તમે ભગવાનને ભૂલાવે તેને પ્રેમથી પકડી બેઠા છો.
૭૩૬. તમારા જીવનનું સર્વસ્વ શું? પરમાત્મા કે પૈસો?
૭૩૭. જગડુશાહે દુષ્કાળમાં ૧૨૦૦ દાનશાળાઓ મોટા મોટા શહેરોમાં ખોલાવી હતી અને તે દાનશાળાઓ ઉપર લખ્યું હતું કે 'આ ગરીબો માટે છે.'
૭૩૮. ઉપકારીના ઉપકારને કદી ભૂલતા નહિ.
૭૩૯. ઉપકારીઓનું લીસ્ટ તમારી પાસે ખરૂં? ના, પરંતુ તમારા અપકારીઓનું લીસ્ટ તમારી પાસે હશે!
૭૪૦. પરસ્ત્રી અને પરધનથી આઘા રહો.
૭૪૧. વિચારોની શુદ્ધિનો આધાર આહારશુદ્ધિ ઉપર છે.
૭૪૨. આહારશુદ્ધિનો આધાર ધનશુદ્ધિ ઉપર છે.
૭૪૩. ધનશુદ્ધિનો આધાર વ્યવહારશુદ્ધિ ઉપર છે, માટે વ્યવહારશુદ્ધિ ઉપર ખાસ લક્ષ આપવાની જરૂર છે.
૭૪૪. તમારે દેહશુદ્ધિ કરવાની છે તે દેવપૂજા માટે.
૭૪૫. જેવું પાત્ર તે પ્રમાણે પ્રવચન પરિણામ પામે.
૭૪૬. સાચા અને સારાના રાગી બનો, માત્ર વ્યક્તિના રાગી ન બનતા.

૭૬૦. હે પ્રભો ! જ્યાં સુધી તારા અને તારા વચન પ્રત્યે પ્રેમ જાગ્યો નથી ત્યાં સુધી આ જીવ સુખી શી રીતે થાય?

૭૬૧. કર્મ બાંધવાની ક્રિયામાં માણસને કંટાળો નથી આવતો, પણ કર્મ છોડવાની ક્રિયામાં માણસને કંટાળો આવે છે.

૭૬૨. સુખની સુગમાંથી ધર્મની સુવાસ પ્રગટે.

૭૬૩. સુખની સુગવાળો ધર્મનું ગૌરવ વધારે.

૭૬૪. સુખનો રાગ જ પાપ કરવાની ફરજ પાડે છે.

૭૬૫. સુખનો રાગ વધે એટલે ધર્મનો રાગ ઘટે.

૭૬૬. ધર્મના પ્રેમી બનવા સુખનો પ્રેમ જતો કરવો પડશે.

૭૬૭. સુખના ત્રાસથી સાધુ બને તે સંયમને વધુ શોભાવે.

૭૬૮. તમને મોહનીય કર્મનો ડર વધારે કે અશાતાવેદનીય કર્મનો ડર વધારે ?

૭૬૯. જ્યાં આચારપાલન નથી ત્યાં આનંદ નથી.

૭૭૦. આચાર વિનાનો માનવી અનેક પ્રકારના અપાયોનો ભોગ બને છે.

૭૭૧. જેમ એકલા ભોજનના જ્ઞાનથી નથી ચાલતું, પરંતુ ભોજન કરવું પડે છે, તેમ માત્ર આચારના જ્ઞાનથી ન ચાલે, પરંતુ સાથે આચારપાલન પણ જોઈએ.

૭૭૨. અનંતના યાત્રીએ આચારના અશ્વ પર આરોહણ કરવું જ જોઈએ.

૭૭૩. જીભ જીતે જિત્યુ જગ.

૭૭૪. અધ્યાત્મના માર્ગમાં અર્થ એ આડખીલીરૂપ છે.

૭૭૫. સંતોષ અને સંયમ એ બે સુખના પરમમિત્રો છે, અને અસંતોષ અને અસંયમ તે બે દુઃખના પરમ મિત્રો છે.

૭૮૯. સાચી સમજ અને સાચી ક્રિયા એ ધર્મરથનાં બે પૈડાં છે.

૭૯૦. શિવસુખની આડે શાતા-અશાતાના મોટા બે પર્વતો આવેલા છે.

૭૯૧. જીવરૂપી ભોળા હરણીયાને ફસાવવા માટે મોહરાજાએ શાતાવેદનીયની જાળ બિછાવેલી છે.

૭૯૨. કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ એક એકથી ચઢે એવા ભયંકર સર્પો છે.

૭૯૩. વિષયભીરુતા અને પાપભીરુતા વગર ધર્મનો ભાવ પ્રગટે નહિ.

૭૯૪. કષાયનો જેટલો અણગમો તેટલો વીતરાગનો ગમો.

૭૯૫. વીતરાગ ગમે તેને કષાય ન ગમે.

૭૯૬. સાધુ ગમે તેને આરંભ અને પરિગ્રહ ન ગમે.

૭૯૭. ધર્મ ગમે તેને ધર્મની આડે આવનારા ન ગમે.

૭૯૮. ધર્મ ગમે તેને હિંસાદિ પાપો અને તેના કારણો ન ગમે.

૭૯૯. પુણ્યના ઉદય વખતે ધર્મને ભુલે તેના પાપનો ઉદય નજીકમાં જાણવો.

૮૦૦. પુણ્યના ઉદયમાં પુણ્યનાં કામો કરતા રહેશો તો પાપનો ઉદય જોવાનો અવસર નહિ આવે.

૮૦૧. સ્વેચ્છાથી પ્રિય વસ્તુઓનો ત્યાગ કરી પુણ્યના પુંજ ઉપાર્જો.

૮૦૨. જેમ જેમ તમે નિઃસ્પૃહ બનશો તેમ તેમ તમારૂં મહત્ત્વ વધશે.

૮૦૩. સારૂં સારૂં સ્વાદિષ્ટ ખાઈ પીને જીવન પુરૂં કરનારા ભાગ્યશાળી નથી, પરંતુ તે છોડીને ત્યાગ તપ કરીને જીવન પૂરૂં કરનારા ખરા ભાગ્યશાળી છે.

૮૧૯. ચરણકરણની શુદ્ધિનો મુખ્ય આધાર દ્રવ્યાનુયોગના જ્ઞાન ઉપર છે.

૮૨૦ શાસ્ત્રજ્ઞાન ગુરુગમપૂર્વક જ લેવું.

૮૨૧. ગુરુગમ વિનાના શાસ્ત્રજ્ઞાનમાં સમકિતથી ગબડવાનો મોટો ભય છે.

૮૨૨. દોષોની દોસ્તી રાખનારને દુર્ગતિ અને દુઃખ છોડતું નથી, અને ગુણો સાથે ગોઠડી બાંધનારને સુખ અને સદ્‌ગતિ છોડતાં નથી.

૮૨૩. મીઠા સંબંધોમાં કડવાશ લાવનાર અને કાતર મૂકનાર કાળમુખો ક્રોધ છે.

૮૨૪. પાપરતિને હૈયામાંથી કાઢ્યા વગર પાપોનો ત્યાગ કરવાથી આત્મા કદીયે પવિત્ર બને નહીં.

૮૨૫. જૈન માનવના જીવનમાં પંચાચારને જ એક પરમ કર્તવ્ય માની તેની આરાધનમાં લાગી જવા જેવું છે.

૮૨૬. અનાદિકાળથી કર્મમલથી મલીન થયેલા આત્માને શુદ્ધ કરનાર કોઇ પવિત્ર પાણી હોય તો પંચાચાર જ છે.

૮૨૭ જેની આરાધના કરવી છે તેના સ્વરૂપને પણ ઓળખવું જોઇએ, ઓળખ્યા વિનાની આરાધના આંધળી છે.

૮૨૮. આરાધનાનું સાચું સ્વરૂપ, વિધિ, ધ્યેય વગેરે સમજાવે સમ્યગ્‌જ્ઞાન.

૮૨૯. આત્માની પરિણતિને સુધારવાનું શ્રેષ્ઠ સાધન બહુમાન પૂર્વકનો શાસ્ત્રસ્વાધ્યાય છે.

૮૩૦. વિષયના આનંદ પાછળ કેટલાયે જીવોનો આનંદ લૂંટાય છે તેનો સહૃદયે વિચાર કરો તો કાળજું કંપી ઉઠે.

૮૪૨. જે શિક્ષણ સદાચાર ન શીખવે તે શિક્ષણ ન કહેવાય

૮૪૩. જે શિક્ષણ જીવોને જીવાડવાનું ન શીખવે, પણ મારવાનું શીખવે તે શિક્ષણ લઈને શું કરવાનું ?

૮૪૪. આધુનિક વિજ્ઞાને માનવોના જીવનમાં ઘણી વિકૃતિઓ સર્જી છે.

૮૪૫. જે વિજ્ઞાન જીવવિનાશનાં સાધનો શોધે તે વિજ્ઞાન તો અભિશ્રાપ રૂપ છે.

૮૪૬. પર પ્રાણી પીડનમાંથી આધુનિક વિજ્ઞાનનો જન્મ થયો છે. તેથી વિશ્વની પ્રજા દુઃખથી અને રોગથી ખુબ જ પીડિત છે.

૮૪૭. પરપીડન કરીને શોધેલી સગવડો વિશ્વના માનવીઓને એક દિવસે મહાઆપત્તિમાં મૂકી દે તો નવાઈ નહિ.

૮૪૮. વધુ પડતી સગવડો અને સવલતો મળવાથી જ માનવી ધર્મથી વિમુખ બન્યો છે.

૮૪૯. જેટલી સગવડો તેટલી અગવડો સમજવી.

૮૫૦. જે માનવી સમજીને સગવડોથી છેટો રહેશે તે માનવ-જીવનમાંથી સાધવા જેવું સાધી જશે.

૮૫૧. લાખો પ્રાણીઓના લોહી ચૂસીને શોધેલી સગવડો ભોગવતાં પણ કંપારી છૂટવી જોઈએ.

૮૫૨. સગવડપ્રેમી માનવી જ બીજા જીવોને અગવડરૂપ બને છે.

૮૫૩. સગવડ–સગવડનો સતત અજપા જાપ કરનારા તો બીચારા સદ્દગતિને સળગાવી રહ્યા છે.

૮૫૪. વધુ પડતી સગવડો મળવાથી માનવીના જીવનમાં રહેલો સદાચાર પણ સળગી ગયો.

૮૬૭. શાસ્ત્રમતિ સિવાય શાશ્વત સુખ ક્યાં છે? માટે શાસ્ત્રમતિવાળા બનો અને શાસ્ત્રાનુસારી જીવન જીવો

૮૬૮. શાસ્ત્રમતિ એટલે સર્વજ્ઞમતિ–મત, તેની આગળ આપણા જેવા અલ્પજ્ઞની આપમતિની શી કિંમત છે?

૮૬૯. સર્વજ્ઞ પુરુષના શરણે ગયા સિવાય સંસારરૂપી કારાગૃહમાંથી છૂટકારો નથી થવાનો

૮૭૦. જ્યાં પંચાચારની આરાધના નહિ ત્યાં મોક્ષમાર્ગની આરાધના નહિ.

૮૭૧. પંચાચારની આરાધના કરવી એટલે આત્મસ્વરૂપની આરાધના કરવી, કારણ કે આત્મા જ્ઞાન દર્શન ચારિત્ર તપ વીર્યસ્વરૂપ છે, અને પંચાચાર એટલે જ્ઞાનાચાર દર્શનાચાર ચારિત્રાચાર તપાચાર અને વીર્યાચાર.

૮૭૨. મોક્ષનાં સાધનો પણ મોક્ષના સ્વરૂપને અનુરૂપ હોવાં જોઈએ.

૮૭૩. જો માનવ એકમાત્ર પોતાના શરીર ઉપર બરાબર ચિંતન કરે તો તેને વૈરાગ્ય થયા વિના રહે નહિ.

૮૭૪. શરીર એ અનાદિકાળથી આત્માને દુઃખી કરતું દર્દ કરતું ત્રાસ આપતું ભયંકર ગુંમડું છે. ગુંમડાનું ઓપરેશન કોઈ સારા નિષ્ણાત ભવભીરૂ જ્ઞાની સદ્ગુરુ રૂપી સર્જન પાસે વહેલામાં વહેલી તકે કરાવી લેવા જેવું છે.

૮૭૫. જેટલો તન, મન, ધનનો ભોગ તમે અત્યારસુધી સ્ત્રી, સંતાનો અને શરીર પાછળ આપ્યો તેટલો તન, મન, ધનનો ભોગ કોઈ સદ્ગુરૂ પાછળ આપ્યો હોત તો ભવસાગરનો કિનારો આંખ સામે દેખાત.

૮૭૬ માની લો કે તમારા ઉપર કોઈ સ્વર્ગનો દેવ પ્રસન્ન થઈ ગયો અને તમને કહે કે 'વરદાન માગ' તો તમે તે દેવ

૮૮૫. અરિહંતનું શરણુ સ્વીકારવું એટલે અરિહંતના બની જવું.

૮૮૬. આપણે આપણા જીવનમાં કઈ વસ્તુઓને વધુ મહત્ત્વ આપીએ છીએ તેના ઉપર આપણી ઉત્તમતા કે અધમતાનો આધાર છે.

૮૮૭. પરમાત્મા કરતાં પૈસાને વધુ મહત્ત્વ આપતા હોય, સાધુઓ કરતાં સ્ત્રીને વધુ મહત્ત્વ આપતા હોય, પરોપકાર કરતાં સ્વાર્થને વધુ મહત્ત્વ આપતા હોય તો નક્કી સમજવું કે હજુ અમે અધમ કક્ષામાં છીએ.

૮૮૮. અંદરમાં દાનરુચિ હોય, સંપત્તિ ઉપર સુગ હોય અને પરોપકાર કરવાની બુદ્ધિથી દાન અપાય તે સાચું દાન.

૮૮૯. અશીલ ઉપરની ભારે સુગથી સાચો શીલગુણ પ્રગટે.

૮૯૦. ખાવા–પીવામાં આત્માની ભારે નાલેશી દેખાય તો ત્યાંથી નાસીને તપધર્મ પાસે દોડી જવાય.

૮૯૧. 'સંસાર દુઃખોનું ઘર અને મોક્ષ સુખોનું ઘર' છે. આવો દૃઢ વિશ્વાસ સમકિતી આત્માને હોય.

૮૯૨. મોક્ષના ધ્યેય વિનાની આરાધના ધૂળ બરાબર છે.

૮૯૩. ભાવ સંસારના ઘરનો અને ક્રિયા મોક્ષના ઘરની હોય તો પણ કદીયે મોક્ષ ન મળે.

૮૯૪. ભાવમાં ભલીવાર નહિ હોય તો આરાધનામાં ભલીવાર નહિ આવે.

૮૯૫. ભાવને ભલો કરવા જિનાગમોનું ભાવથી સદ્ગુરુ મુખે નિત્ય શ્રવણ કરો.

૮૯૬. ભાવને ભલો રાખે તેનો ભવ ન બગડે.

૮૯૭. અમર બનાવનારી જડીબુટ્ટી એટલે જ પંચાચાર.

૮૮૫. અરિહંતનું શરણુ સ્વીકારવું એટલે અરિહંતના બની જવું.

૮૮૬. આપણે આપણા જીવનમાં કઈ વસ્તુઓને વધુ મહત્ત્વ આપીએ છીએ તેના ઉપર આપણી ઉત્તમતા કે અધમતાનો આધાર છે.

૮૮૭. પરમાત્મા કરતાં પૈસાને વધુ મહત્ત્વ આપતા હોય, સાધુઓ કરતાં સ્ત્રીને વધુ મહત્ત્વ આપતા હોય, પરોપકાર કરતાં સ્વાર્થને વધુ મહત્ત્વ આપતા હોય તો નક્કી સમજવું કે હજુ અમે અધમ કક્ષામાં છીએ.

૮૮૮. અંદરમાં દાનરુચિ હોય, સંપત્તિ ઉપર સૂગ હોય અને પરોપકાર કરવાની બુદ્ધિથી દાન અપાય તે સાચું દાન.

૮૮૯. અશીલ ઉપરની ભારે સુગથી સાચો શીલગુણ પ્રગટે.

૮૯૦. ખાવા–પીવામાં આત્માની ભારે નાલેશી દેખાય તો ત્યાંથી નાસીને તપધર્મ પાસે દોડી જવાય.

૮૯૧. 'સંસાર દુઃખોનું ઘર અને મોક્ષ સુખોનું ઘર' છે. આવો દૃઢ વિશ્વાસ સમકિતી આત્માને હોય.

૮૯૨. મોક્ષના ધ્યેય વિનાની આરાધના ધૂળ બરાબર છે.

૮૯૩. ભાવ સંસારના ઘરનો અને ક્રિયા મોક્ષના ઘરની હોય તો પણ કદીયે મોક્ષ ન મળે.

૮૯૪. ભાવમાં ભલીવાર નહિ હોય તો આરાધનામાં ભલીવાર નહિ આવે.

૮૯૫. ભાવને ભલો કરવા જિનાગમોનું ભાવથી સદ્ગુરુ મુખે નિત્ય શ્રવણ કરો.

૮૯૬. ભાવને ભલો રાખે તેનો ભવ ન બગડે.

૮૯૭. અમર બનાવનારી જડીબુટ્ટી એટલે જ પંચાચાર.

૯૩૬. રોજ ચોવિસ કલાકમાંથી ધર્મ માટે કેટલા કલાક જાગ્રત રહો છો ?

૯૩૭. પ્રિયામીલન માટે ખાસ સમય કાઢો અને પ્રભુમીલન માટે ખાસ સમય ન કાઢો તો તમારામાં પ્રભુપ્રેમ છે એમ કેમ મનાય ?

૯૩૮. લાંબી પ્રતીક્ષા પછીની પ્રાપ્તિમાં ભારે આનંદ હોય છે.

૯૩૯. પ્રભુપ્રાપ્તિ માટે ક્યારે તમે લાંબી પ્રતીક્ષા કરી ? અને પૈસા પ્રાપ્તિ માટે, પુત્ર પ્રાપ્તિ માટે ક્યારથી કરી રહ્યા છો ? પૈસા, પુત્ર માટે લાંબી પ્રતીક્ષા કર્યા પછી પણ પુત્ર ન પ્રાપ્ત થાય તો તમને અફસોસ, શોક, ગ્લાની કેટલી બધી ? અને પરમાત્મા ન મળ્યા તો કાંઈ નહિ.

૯૪૦. ધર્મ સહજ ધર્મ પ્રત્યેના પ્રેમથી થવો જોઈએ, કોઈ ભૌતિક લોભ લાલચથી નહિ.

૯૪૧. સદ્‌ગુરુની પાવનકારી નિશ્રા અને ગુરુકૃપા એટલે આત્માની સંપૂર્ણ સલામતિ.

૯૪૨. સદ્‌ગુરુ શીખવાડે ભવસાગર તરવાની કળા, સદ્‌ગુરુ શીખવાડે ધર્મકળા.

૯૪૩. સદ્‌ગુરુ આપે સાચી જીવનદષ્ટિ.

૯૪૪. સદ્‌ગુરુ બતાવે મુક્તિનો માર્ગ.

૯૪૫. સદ્‌ગુરુ સમજાવે સંસારની અસારતા.

૯૪૬. સદ્‌ગુરુ સમજાવે વિષયભોગોની ભયંકરતા.

૯૪૭. સદ્‌ગુરુ સમજાવે કષાયોનાં કારસ્તાન.

૯૪૮. સદ્‌ગુરુ સમજાવે મોહરાજાની ભેદી મેલી રમત.

૯૭૧. સદ્ગુરુ બીડી, ચલમ, ગાંજો, ભાંગ પીનારા અને ગાડી મોટરોમાં ફરનારા ન હોય.

૯૭૨. સદ્ગુરુ ચોવિસે કલાક ધર્મપરાયણ જીવન જીવનારા હોય.

૯૭૩. સાંસારિક ખટપટોમાં પડનારા સદ્ગુરુ નહિ.

૯૭૪. સંપત્તિ અને સંતતિ પ્રાપ્તિના ઉપાયો બતાવનારા સદ્ગુરુ ન કહેવાય.

૯૭૫. આરાધનાની આડે આવનારા તત્ત્વો તરફ અણગમો જોઈએ.

૯૭૬. આરાધનામાં સહાયક તત્ત્વો પ્રત્યે પ્રેમ જોઈએ.

૯૭૭. સત્ય તત્ત્વોનો પ્રકાશ કરવાનું કામ જિનાગમરૂપી સૂર્યનું છે.

૯૭૮. જો આ જગત ઉપર જિનાગમરૂપી સૂર્ય અસ્તિત્વ ધરાવતો ન હોત તો જગતમાં સર્વત્ર અતત્ત્વનો અંધકાર અંધકાર હોત.

૯૭૯. આજે આપણા મહાન સદ્ભાગ્યે આપણને જિનાગમ મળ્યાં, તેથી જ સાચો આત્મકલ્યાણનો માર્ગ જાણવા મળ્યો.

૯૮૦. જિનાગમો એટલે મોક્ષમાર્ગનો સાચો ભોમિયો.

૯૮૧. તમને ભોગની વાતમાં ઉલ્લાસ કેટલો અને ત્યાગની વાતમાં ઉલ્લાસ કેટલો? તે જરા વિચારજો.

૯૮૨. સ્વસ્ત્રી ભોગવવી એ પણ પાપ.

૯૮૩. ન્યાય નીતિથી આવેલા ધનને પણ પરિગ્રહનું પાપ તો સમકિતી માને જ.

૯૮૪. ખાવા–પીવામાં સ્વાદ કરવા તે પાપ.

૯૯૮. જૈન ધર્મની ઈમારત તપ ત્યાગ અને અહિંસાના પાયા ઉપર ચણાયેલી છે તેથી આ ધર્મથી ભોગરસિક જીવો ભડકે છે.

૯૯૯. સદ્ભાવનાનું એક વજ્ર પડે એટલે કર્મરૂપી પર્વતન ચૂરેચૂરા થઈ જાય.

૧૦૦૦. સદ્ભાવના સ્વર્ગની સીડી છે.

૧૦૦૧. સદ્ભાવના શીવની દૂતી છે.

૧૦૦૨. સદ્ભાવના કર્મ શત્રુના સંહાર માટેનું ચક્રરત્ન છે.

૯૯૮. જૈન ધર્મની ઈમારત તપ ત્યાગ અને અહિંસાના પાયા ઉપર ચણાયેલી છે તેથી આ ધર્મથી ભોગરસિક જીવો ભડકે છે.

૯૯૯. સદ્‌ભાવનાનું એક વજ્ર પડે એટલે કર્મરૂપી પર્વતના ચૂરેચૂરા થઈ જાય.

૧૦૦૦. સદ્‌ભાવના સ્વર્ગની સીડી છે.

૧૦૦૧. સદ્‌ભાવના શીવની દૂતી છે.

૧૦૦૨. સદ્‌ભાવના કર્મ શત્રુના સંહાર માટેનું ચક્રરત્ન છે.

૧૦૦૩. સદ્‌ભાવના મોક્ષનું દ્વાર છે.

૧૦૦૪. સદ્‌ભાવના મુક્તિની સીધી વાટ છે.

૧૦૦૫. સદ્‌ભાવના કલ્પતરુ છે.

૧૦૦૬. સદ્‌ભાવના ભવસાગર તરવાનું શ્રેષ્ઠ જહાજ છે.

